જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.03/૦૯/૨૦૧૮ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૦૦/૧૮

## મોબાઇલ ફોનથી ફોન કરી આમ જનતાને બેંકમાંથી બોલતા હોવાનો ભરોસો આપી ક્રેડીટ/ડેબીટ કાર્ડની ડિટેઇલ્સ તેમજ ઓટીપી મેળવી તેમજ ઓનલાઇન શોપીંગ ના નામે લોકો સાથે છેતરપીંડી કરી લેતી ગેંગને પકડી પાડતી સાયબર ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર.

આ કામના ફરીયાદી શ્રી દિપકકુમાર મકવાણા નાઓ વકિલાતનો વ્યવસાય કરતા હોય તેઓને બેક તરફથી ક્રેડીટ કાર્ડ ખરીદવા માટેના રીકવેસ્ટ કોલ આવતા હોય જેથી ગયા માર્ચ – ૨૦૧૮ ના માસમાં ફરીયાદીએ નવુ ક્રેડીટ કાર્ડ મેળવવા માટે બેંકમાં અરજી કરેલ અને બેંક તરફથી તેઓને ક્રેડીટ કાર્ડ ઇશ્યુ કરવામાં આવેલ પરંતુ ફરીયાદી શ્રીને ક્યારેય ક્રેડીટ કાર્ડ વાપરવાની જરૂરત ઉભી થયેલ નહી કે તેઓએ કોઇ પીન નંબર જનરેટ કરાવેલ નહી. તા.૧૮/૦૫/૨૦૧૮ ના રોજ ફરીયાદીને એક અજાણ્યા મોબાઇલ નંબર થી ફોન આવેલ અને જણાવેલ કે તમારા બેંક ઓફ ઇન્ડીયાના ક્રેડીટ કાર્ડનુ વેરીફિકેશન ચાલે છે તમો ક્રેડીટ કાર્ડની માહિતી આપો પરંતુ ફરીયાદીએ આપેલ નહી તે બાદ ફરીથી તા.૨૨.૦૫.૨૦૧૮ ના રોજ ફરીથી તે જ મોબાઇલ નંબર થી કોલ આવેલ અને ફરીયાદીને કાર્ડ વેરીફિકેશન માટે કહેલ અને ફરીયાદી કામમાં વ્યસ્ત હોય તેઓએ ક્રેડીટ કાર્ડની માહિતી આપી દિધેલ અને થોડીવારમાં તેઓ તરફથી કોલ આવેલ અને તેઓએ જણાવેલ કે તમારા મોબાઇલ ફોન નંબર પર બેંક તરફથી એક નંબર મોકલેલ છે જે વેરીફિકેશન પુરતો ઓટીપી નંબર છે જેથી ફરીયાદીએ તેની વાતોમાં આવી ઓટીપી પણ આપી દિધેલ અને ફરીયાદીના ક્રેડીટ કાર્ડમાં રૂ. ૯૯૯૯/- નુ ટ્રાન્જેકશન કરી છેતરપીંડી કરી લીધેલ હોય ફરીયાદીએ અત્રે સાયબર ક્રાઇમ બ્રાન્ચમાં તા.૨૪.૦૫.૨૦૧૮ ના રોજ ફરીયાદ આપતાં ફર્સ્ટ ગુ.ર.નં. ૩૦/૨૦૧૮ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦ તથા આઇ.ટી.એક્ટ કલમ ૬૬(સી, ડી) મુજબ ગુનો રજીસ્ટર્ડ કરેલ. હાલના ટેક્નોલોજી યુગમાં આમ પબ્લીક જ્યારે કેસલેસ ટ્રાન્જેકશનો કરી રહેલ છે અને ઈ બેન્કીંગ જેવી સેવાઓનો લાભ લઇ રહેલ છે જેનો દૂરૂપયોગ કરી કેટલાક અસામાજીક તત્વો તેનો ગેરલાભ ઉઠાવી આમ જનતા સાથે ઠગાઇ કરતા હોય અને આવા ઓટીપી મેળવી ફ્રોડ કરવાના ગુનાઓ મોટા પ્રમાણમાં બનતા હોય જે બાબતે

ઇન્ચાર્જ સંયુક્ત પોલીસ કમિશન શ્રી દીપન ભદ્રન સાહેબ ક્રાઇમ બ્રાન્ચ, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદિપસિંહ ઝાલા સાહેબ સાયબર ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ ઉપરોક્ત બનાવને ગંભીરતાથી લઇ આવા પ્રકારના ઓટીપી મેળવી લઇ છેતરપીંડી કરવાના આખા ભારતદેશમાં ફ્રોડ ના બનાવો બનતા હોય તેને ત્વરીત શોધી કાઢી આરોપી પકડી પાડવા સાયબર સેલના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.બી.બારડ નાઓને હુકમ કરતાં તેઓએ ફરીયાદ નો અભ્યાસ કરી ટેકેનીકલી એનાલીસિસ કરતાં ઓટીપી મેળવી લઇ ફ્રોડ કરતી ટોળકી આ કામ દિલ્હી સ્થિત ફ્રેન્ડસ કોલોની ખાતે રહી આવા ફ્રોડને અંજામ આપતી

હોવાનુ પ્રસ્થાપીત થતાં પો.સ.ઇ.શ્રી આર.કે.સોલંકી, પો.સ.ઇ.શ્રી એમ.એચ.શિણોલ, પો.સ.ઇ. શ્રી એચ.એન.પ્રજાપતિ નાઓને આરોપીને દિલ્હી મુકામે થી આરોપીની ભાળ મેળવવા સુચના કરેલ દરમ્યાન આરોપી બાબતે તપાસ કરતાં આરોપીઓ ફ્લેટ નં. બી/૫૦, બીજો માળ ભરતનગર ન્યુ ફ્રેન્ડસ કોલોની ન્યુ દિલ્હી ખાતે કોલ સેન્ટર ચલાવતા હોય દિલ્હી ખાતેથી આરોપીઓ નં (૧) પ્રકાશચંન્દ્ર સ/ઓ કિશનસીંગ સિંગ ઉવ. ૨૪ રહે. એ/૧૦૬ સંજય કોલોની ઓખલા, દિલ્હી મુળ રહેવાસી-મ.ન. ૮૩ ગામ છુટીકરા જી.મથુરા, ઉત્તરપ્રદેશ (૨) પુજા ડો/ઓ કુમારસેન લક્ષ્મણસેન જાટવ ઉવ. ૨૧ રહે. સંગમવિહાર, એલ બ્લોક, ગલી નં. ૯ મકાન નંબર ૨૨૮ નવી દિલ્હી (૩) કિર્તી ડો/ઓ કુમારપાલ અમરસિંગ સાકીયા ઉવ. ૨૩ રહે. સંગમ વિહાર બી/૫૫૦ ન્યુ દિલ્હી નાઓને તા. ૩૧/૦૮/૧૮ ના રોજ કલાક ૧૭/૪૫ વાગે દિલ્હી ખાતેથી અટક કરી અત્રે લાવવામાં આવેલ છે. જે આરોપીઓ તા.૦૪/૦૯/૧૮ ના કલાક:-૧૫/૦૦ વાગ્યા સુધી પોલીસ રીમાન્ડ ઉપર છે.

આ કામે પકડાયેલ આરોપીઓની સઘન પુછપરછ કરતાં ગયા એપ્રીલ/૨૦૧૮ માસથી દિલ્હી સાઉથ વેસ્ટ ખાતે ફ્રેન્ડસ કોલોની, ભરતપુર ખાતે રહેણાંક વિસ્તારમાં ભાડાનુ ફ્લેટ રાખી www.shopylite.com નામની કંપની ધરાવી કોલ સેન્ટર ચલાવતા હતા.

આરોપીઓ જુદા-જુદા મોબાઇલ નંબરોથી ભારતના જુદાજુદા રાજ્યોમાં ફોન કરી પોતે બેંક અધિકારી વાત કરે છે તમારુ ક્રેડીટ કાર્ડ બંધ થઇ ગયેલ છે અને ક્રેડીટ કાર્ડનું વેરીફીકેશન કરાવવું પડશે તેમ કહી લોકોને વિશ્વાસમાં લઇ લોકો પાસેથી ક્રેડીટ કાર્ડની માહીતી તથા ઓ.ટી.પી. નંબરો મેળવી લોકોના ક્રેડીટ કાર્ડ મારફતે પૈસા મેળવી ઇ-વોલેટમાં ટ્રાન્સફર કરતા હતા તેમજ ક્રેડીટ કાર્ડનું રજીસ્ટ્રેશન કરવાનું છે તેમ કહી લોકો પાસેથી ક્રેડીટકાર્ડની માહીતી તથા ઓ.ટી.પી. નંબર મેળવી આરોપીઓએ બનાવેલ ઓનલાઇન શોપીંગ કંપનીમાં ખરીદી કરી ક્રેડીટકાર્ડના પૈસા પોતાની કંપનીના બેંક એકાઉન્ટમાં જમા કરાવી કેશમાં કનવર્ટ કરતા હતા.

**તપાસ દરમ્યાન નીચે જણાવેલ રાજ્યોમાં નીચે જણાવ્યા મુજબના કોલ મળી આવેલ છે.**

| રાજ્યનુ નામ | કોલની સંખ્યા | રાજ્યનુ નામ | કોલની સંખ્યા | રાજ્યનુ નામ | કોલની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ગુજરાત | ૨૮૦ | મહારાષ્ટ્ર | ૩૨૩ | આસામ | ૩૩ |
| આંન્ધ્રપ્રદેશ | ૩૯૩ | બિહાર | ૭૧ | ઝારખંડ | ૨૩ |
| ચેન્નાઇ | ૪૫ | હરીયાણા | ૨૦ | હિમાચલ પ્રદેશ | ૧૦ |
| રાજસ્થાન | ૯૯ | કર્ણાટક | ૨૧૮ | પશ્ચિમ બંગાલ | ૬૪ |

ઉપરોક્ત મોડસ ઓપરેન્ડી સિવાય પણ આરોપીઓ ઓનલાઇન શોપીંગ કરતા કસ્ટમરોને કોલ કરી તેઓને એક શર્ટ, બેલ્ટ, ઘડીયાળ, વૉલેટ તેમજ કેટલીક કંપનીના ગીફ્ટ વાઉચર રૂ.૮૯૯૯/-માં આપવાની લાલચ આપી ગ્રાહકોને બનાવટી માલ કુરીયર મારફતે મોકલી આપતા હતા.

આ કોલ સેન્ટરના મુખ્ય સંચાલકો ગ્રાહકોની માહિતી જેમાં નામ, મોબાઇલ નંબર, એરીયા પીનકોડ નંબર, રાજ્યનુ નામ, ઇમેલ આઇ.ડી. વિગેરે માહિતી (લીડ) મેળવી પકડાયેલ આરોપીઓને કોલ કરવા માટે આપતા હતા અને પકડાયેલ આરોપીઓ (1) પ્રકાશ – સંજીવ નામથી (૨) કિર્તી – હિમાંશી નામથી (૩) પુંજા – અદિતી નામથી કોલ કરી લોકો સાથે છેતરપીંડી કરતા હતાં. અને દર મહિને દરેક ફોનમાં રહેલ સીમકાર્ડ બદલી નાંખતા હતા. આ કામના મુખ્ય સંચાલકો હાલમાં વૉન્ટેડ છે જેઓને પકડી પાડવા સારૂ સાયબર ક્રાઇમ બ્રાન્ચે આરોપીઓના રીમાન્ડ મેળવી સઘન તપાસ હાથ ધરેલ છે.

અને તપાસ દરમ્યાન સદરી આરોપીઓ પાસેથી ગુનો કરવામાં વપરાયેલ કુલ – ૫૦૦ મોબાઇલ નંબરો મળી આવેલ છે અને બીજા કેટલાક સીમકાર્ડ વપરાશ બાદ નાશ કરી દિધેલ છે.

**આરોપીઓ પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલ** :- લેપટોપ – ૦૧, મોબાઇલ ફોન - ૧૩, ગીફ્ટ પેક – ૦૬, ચેકબુક – ૦૧ તથા અલગ અલગ કંપનીઓના સીમકાર્ડ નંગ – ૧૮૪ મળી આવેલ છે.

**આરોપીઓનો પુર્વ ઇતિહાસ** :-

(૧) **પ્રકાશ** :- જે બી.એ. સુધી નો અભ્યાસ કરેલ છે અને મુળ મથુરા ઉત્તરપ્રદેશનો વતની છે અને પાંચ વર્ષ પહેલાં દિલ્હી આવી અલગ અલગ જગ્યાઓએ નોકરી કરેલ જેમાં તેણે વોડાફોન કંપનીમાં બીજી કંપનીમાંથી વોડાફોન કંપનીમાં સીમકાર્ડ કરવાનુ કામ કરતાં કોલ સેન્ટરનો અનુભવ મેળવેલ અને ગયા ઓગસ્ટ/૨૦૧૬ માં આ કોલ સેન્ટરના સંચાલક સાથે સંપર્ક માં આવેલ અને એપ્રીલ/૨૦૧૮ થી શોપીલાઇટ કંપનીની શરૂઆત કરેલ છે.

(૨) **પુંજા /કિર્તી** :- જેણે બી.એ.સુધીનો અભ્યાસ કરેલ છે અને યુનીક મેનેજમેન્ટ નામની કંપનીમાં આઇડીયા, વોડાફોન અને એરટેલ કંપનીના નંબરોના જે લોકો બીલ ભરે નહી તેવા લોકોને કોલ કરી બીલ ભરવા માટે કોલ કરતી હતી જેથી કોલ સેન્ટરનો અનુભવ છે અને તે બાદ આ શોપીલાઇટ ચાલુ થતાં તે કંપનીમાં જોડાયેલ છે.

## ઈંગ્લીશ દારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી એ.કે.સિંઘ.સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન શ્રી ડી.એચ.ચૌહાણ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે અમો તથા તાબાના પો.સ.ઈ એસ.જે.ચૌહાણ તથા પો.સ્ટે સ્ટાફના અ.પો.કો. ધુવરાજસિંહ અશોકસિંહ બ.નં-૮૭૯૨ તથા અ.લો.ર રાજુભાઇ રાહાભાઇ બ.નં-૧૦૫૮ તથા અ.લો.ર યશપાલસિંહ લાખુભા બ.નં- ૫૪૧ તથા અ.લો.ર જયેશભાઇ પાલાભાઇ બ.નં-૧૩૮૦ નાઓ સાથે ઓઢવ પો સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા તા.૦૧/૦૯/૧૮ ના દરમ્યાન ફરતા ફરતા કલાક.૨૨/૪૦ વાગે ઓઢવ વેપારી મહામંડળ પાસે આવતા સાથેના અ.પો.કો. ધુવરાજસિંહ અશોકસિંહ બ.નં-૮૭૯૨ નાઓની બાતમી હકીકત આધારે "તા.૦૧/૦૯/૨૦૧૮ ના કલાક. ૨૩/૫૫ વાગે ઓઢવ વેપારી મહામંડળ પાસે જાહેર રોડ પરથી વગર પાસ પરમીટે આરોપી હનુમાનરાવ ઉદારામ બિસ્નોઇ ઉ.વ.૩૨ રહે: ગામ: વિષ્ણુપુરા(વરણવા) પોસ્ટ-સુથડી, તા-સાંચોર, જી-જાલોર રાજસ્થાન નાનો પોતાના કબ્જાનુ છોટાહાથી નંબર **GJ.01.DU.1660** માં ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ નંગ-૪૮૦ કિ.રૂ.૨,૪૦,૦૦૦/- તથા છોટાહાથી ની કિ.રૂ.૧,૫૦,૦૦૦/ તથા બે મો.ફોન કિ.રૂ.૧૦,૫૦૦/- મળી કુલ્લે રૂ.૪,૦૦,૫૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ ગયેલ હોય તેમજ સદરી દારૂનો જથ્થો આપનાર પ્રકાશ બાપુ તથા માલ મંગાવનાર જગસિંગ રહે: સિગરવા નાઓ વિરૂધ્ધમાં ધી પ્રોહી કલમ.૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ કાયદેસર કેસ કરી કાર્યવાહી કરવામાં આવેલ છે. કેસની તપાસ હાલમાં ચાલુ છે.તા.૦૨/૦૯/૧૮.

## આજરોજ જુગાર રમતા ઇસમોને પકડી કુલ-02 ગણનાપાત્ર કેસો શોધી જુગારની પ્રવુત્તિ અટકાવતી શાહપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-01 સાહેબ તથા DCP શ્રી ઝોન-02 સાહેબ તથા ACP શ્રી "C" ડિવિઝન સાહેબ નાઓ તરફથી પ્રોહી/જુગાર જેવી અસામાજીક પ્રવુત્તિ કરતા ઇસમોની તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરી આવી બદી નેસ્ત નાબુદ કરવા મળેલ સુચના આધારે સિનિયર પોલીસ ઇન્સપેકટર આર.કે.અમીન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ PSI. પી.કે.અસોડા તથા સ્ટાફના માણસોએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સતત પેટ્રોલીંગ કરી આજરોજ કુલ-02 ગણનાપાત્ર કેસો શોધી કુલ-11 આરોપીની ધરપકડ કરી કુલ-81,150/-નો મુદ્દામાલ પકડવામાં આવેલ છે.

| અ. | તારીખ | ગુ.નં.તથા કલમ | ગુન્હાની જગ્યા | પકડેલ આરોપી | પકડાયેલ મુદ્દામાલ |
|---|---|---|---|---|---|
| 1. | 02/9/18 | II-3236/18 જુગારધારા-12 | શાહપુર શંકર ભુવન વિષ્ણુભાઇ દેસાઇની રૂમની બાજુમા જાહેરમાં | 07 | રોકડ નાણા 16,330/-મોબાઇલ-06 કિં.રૂ.16,000/- મળી કુલ્લે કિં.રૂ.32,330/- |
| 2. | 02/9/18 | II-3237/18 જુગારધારા-4,5 | શાહપુર અવનીકા પાર્ક સોસાયટીની અંદર આવેલ અલંકાર સોસાયટી માં આવેલ મકાન નં-5 માં | 04 | રોકડ નાણા રૂપીયા 39,820/-તથા અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-02 કિં.રૂ.9000/-મળી કુલ્લે કિં.રૂ.48,820/- |

## શ્રાવણીયા જુગાર રમતા ૧૨ જુગારીઓને પકડી કિ.રૂ. ૫,૦૩,૯૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસર કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

ઉપરી અધિકારી શ્રીનાઓ તરફથી શ્રાવણ માસમાં ચાલતી જુગારની બદીને સદંતર નેસ્તનાબુદ કરવા સુચના મળેલ હોય જેથી તે સુચના આધારે અમોએ સર્વેલંસ સ્કોડના પો.સ.ઇ વી.બી. વાઘેલા સાહેબ નાઓન પો.સ્ટે વિસ્તારમાં જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા અને જુગારના કેશો શોધી કાઢવા માટે સુચના કરેલ જે આધારે તેઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૬/૧૫ વાગે મહાદેવ એસ્ટેટ વિભાગ ૨ ત્રણ રસ્તા પાસે આવતા સાથેના પોકો જયવીરસિંહ ધનશ્યામસિંહ તથા પો.કો શૈલેષભાઇ પોપટભાઇ બનં.૧૫૩૩ નાઓએ ખાનગી રાહે બાતમી હકીકત આપેલ કે વકીલવાડી એસ્ટેટ શેડ નં.૧૯૪૨ ખાતે યોગેશભાઇ જયરામભાઇ અવૈયા નાઓ પોતાના કબજાના શેડમાં બહારથી માણસો બોલાવી નાળ ઉઘરાવીને પોતાના આર્થિક ફાયદા માટે પોતાના શેડમાં પૈસા પાનાથી તીન પત્તીનો હારજીતનો જુગાર રમી રમાડે છે જે બાતમી હકીક્ત આધારે સદરી જગ્યાએ રેડ કરી જુગાર રમતા ૧૨ જુગારીઓને જુગાર રમવાના સાધનો તેમજ રોકડ રુપિયા અને મોફોન અને બે ટુવ્હીલર ગાડીઓ મળી કુલ્લે રુપિયા ૫,૦૩,૯૦૦/૦૦ ની મત્તા સાથે તા.૨/૯.૨૦૧૮ ના કલાક ૧૮/૧૫ વાગે પકડી અટક કરી તમામની વિરૂધ્ધમાં ધી જુગારધારા કલમ ૪,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**શ્રાવણીયા જુગાર રમતા સાત જુગારીઓને પકડી રોકડા રૂપિયા.૧,૪૩,૮૦૦/- કબ્જે કરી ધોરણસર કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર**

ઉપરી અધિકારી શ્રીનાઓ તરફથી શ્રાવણ માસમાં ચાલતી જુગારની બદીને સદંતર નેસ્ત-નાબુદ કરવા સુચના મળેલ હોય જેથી તે સુચના આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના હે.કો છત્રસિંહ ચીમનલાલ બનં.૭૮૦૩ નાઓ સ્ટાફના માણસોની સાથે પો..સ્ટે વિસ્તારમાં ના.શ માં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૦૧/૨૦ વાગે રબારી કોલોની ચાર રસ્તા પાસે આવતા સાથેના પોકો સહદેવસિંહ મહેન્દ્રસિંહ તથા પો.કો લાલજીભાઇ જહાભાઇ નાઓએ સંયુક્ત બાતમી હકીક્ત આપેલ કે ગાયત્રી મંદિરની બાજુમાં આવેલ ચિરાગ એસ્ટેટ શેડ નં.૦૧ ની બાજુમાં આવેલ ગલીની ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો લાઇટના અજવાળે ગોળ કુંડાળુવળી પૈસાપાનાથી હારજીતનો જુગાર રમે છે અને હાલમાં પ્રવૃતિ ચાલુ છે જે બાતમી હકીક્ત આધારે સદરી જગ્યાએ રેડ કરી જુગાર રમતા

(૧) સંજયભાઇ ગોપાલભાઇ જાતે પટેલ ઉ.વ.૩૯ રહે.મ.નં.૦૧ કૈલાશ ધામ સોસાયટી મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ અવાદ શહેર

(૨) દેવેંદ્રભાઇ કાંતિભાઇ જાતે પટેલ ઉ.વ.૩૯ રહે.મ.નં.૦૩ મીનાક્ષી પાર્ક વંડર પોઇન્ટના ખાંચામાં સીટીએમ અમદાવાદ શહેર

(૩) હસમુખભાઇ નરશીભાઇ જાતે પ્રજાપતી ઉ.વ.૪૧ રહે.મ.નં.બી/૪૦૪ સુર્યમ ગ્રીન ન્યુ.આર.ટી.રોડ વસ્ત્રાલ અ'વાદ

(૪) રોહિત મહાદેવભાઇ જાતે પટેલ ઉ.વ.૩૨ રહે.રાજદિપભાઇ દરબારના ઘરમાં સનાથલ ગામ તા.સાણંદ જી.અ'વાદ

(૫) દિનેશભાઇ ભોજરાજભાઇ જાતે વણઝારા ઉ.વ.૩૪ રહે.મ.નં.૪ આદેશ્વર પાર્ક સોસાયટી સુરેલીયા રોડ વસ્ત્રાલ અ'વાદ શહેર

(૬) નીકુલ દશરથભાઇ જાતે પંચાલ ઉ.વ.૩૩ રહે.મ.નં.૬૦ લક્ષ્મીનગર સોસાયટી અમરનાથ ટેનામેંટની બાજુમાં સુરેલીયા રોડ વસ્ત્રાલ અ'વાદ શહેર

(૭) દિપકભાઇ અંબાલાલ જાતે કોષ્ટી ઉ.વ.૩૮ રહે.મ.નં.૧૪૬ વ્રજભુમી સોસાયટી ન્યુ.આર.ટી.ઓ રોડ વસ્ત્રાલ અ'વાદ શહેર

નાઓને રોકડ રુપિયા ૧,૪૩,૮૦૦/- તથા ગંજી પાના નંગ- ૫૨ કિ.રૂ.૦૦/૦૦ ની મત્તા સાથે મળી આવેલ હોય જે તમામની વિરૂધ્ધમાં ધી જુગારધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**શ્રાવણીયા જુગાર રમતા ૧૮ જુગારીઓને પકડી કિ.રૂ-૨,૪૦,૦૧૦ નો મુદામાલ કબજે કરી ત્રણ ગણનાપાત્ર કેસો શોધી કાઢતી નિકોલ પોલીસ સ્ટેશનની પોલીસ તા:૦૨/૦૮/૧૮**

મે અધીક પો કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ અમદાવાદ શહેર તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આઇ ડીવીઝન સા નાઓએ શ્રાવણીઓ જુગાર રમતા ઇસમોને શોધી કાઢી કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ જે અનુસંધાને પો.ઇન્સ.શ્રી એચ.બી.ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એસ.વી.પટેલ તથા અ.હે.કો ગૌતમભાઇ હિરાભાઇ બ.નં.૭૮૪૪ તથા વુ.હેડ.કો ગીતાબા નટવરસિંહ બ.નં-૫૦૬૫ તથા પો.કો નિતેષકુમાર મહેન્દ્રભાઇ બ.નં-૮૬૮૫ તથા પો.કો કિરીટસિંહ રણજીતસિંહ બ.નં-૬૯૯૧ તથા પો.કો અનિકેતકુમાર નવનીતભાઇ બ.નં તથા પો.કો જીતેન્દ્રસિંહ હરીસિંહ બ.નં-૧૦૩૮૮ તથા પો.કો મહાવીરસિંહ સાહેબસિંહ બ.નં૫૭૭૨ તથા લો.ર હિતેષકુમાર રામજીભાઇ બ.મં-૫૭૦ તથા લો.ર રવિરાજસિંહ કાનજીભાઇ બ.નં-૧૩૩૪ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીગ દરમ્યાન બાતમી હકીકત આધારે શ્રાવણીયા જુગાર અંગેના ત્રણ કેસો શોધી કાઢી જુગાર ધારા કલમ-૪,૫ મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ છે જે કેસોની વિગત નીચે મુજબ છે

(૧) સે,ગુ.ર.નં-૩૨૩૫/૨૦૧૮ ધી જુગાર ધારા કલમ-૧૨ મુજબ ત્રણ (૩)આરોપીને કુલ્લે મુદામાલ- ૧૮૪૧૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડે કાયદેસરની કાર્યવાહી કરેલ છે

(૨) સે,ગુ.ર.નં-૩૨૩૬/૨૦૧૮ ધી જુગાર ધારા કલમ-૪,૫ મુજબ છ (૬)આરોપીને કુલ્લે મુદામાલ- ૧,૫૫,૭૦૦/-ના મુદામાલ સાથે ઝડપી પાડે કાયદેસરની કાર્યવાહી કરેલ છે

(૧) સે,ગુ.ર.નં-૩૨૩૮/૨૦૧૮ ધી જુગાર ધારા કલમ-૪,૫ મુજબ નવ(૯)આરોપીને કુલ્લે મુદામાલ- ૬૫,૯૦૦/-ના મુદામાલ સાથે ઝડપી પાડે કાયદેસરની કાર્યવાહી કરેલ છે

## આજરોજ જુગાર રમતા ઇસમોને પકડી ગણના પાત્ર કેસ શોધી જુગાર ની ગે.કા પ્રવુતિ અટકાવતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર એ.કે સિંઘ સાહેબ તથા મે.સંયુકત પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેકટર ૧ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી ઝોન ૨ તથા મ.પો.કમિ.સાહેબ શ્રી "એલ" ડિવિઝન સાહેબ શ્રીનાઓ તરફ થી પ્રોહિ/જુગાર જેવી અસામાજીક પ્રવુતિ કરતા ઇસમોની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરી આવી બદી નેસ્ત નાબુદ કરવા સારુ મળેલ સુચના આધારે અમો ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર બી.કે ગમાર નાઓના માર્ગદશન હેઠળ અમોએ તથા અમારી સાથેના અ.હે.કો બિપીનકુમાર હરગોવિદદાસ બનં ૮૦૦૮ તથા બીજા સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીંગ દરમયાન કુલ્લે ૦૯ આરોપીઓને પકડી અટક કરી કુલ્લે મુદામાલ ૧,૫૩૩૦૦/-ગણી શકાય તે ગુનાના કામે કબજે કરવામાં આવેલ છે તારીખ ૦૩/૦૯/૨૦૧૮

| અ નં | તારીખ | ગુ.ર.નં તથા કલમ | ગુનાની જગ્યા | પકડાયેલ આરોપી | પકડાયેલ મુદામાલ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૩/૦૯/૧૮ | રાણીપ પો.સ્ટે સેકન્ડ ગુ.ર.નંબર ૩૨૪૨/૨૦૧૮ ધી જુગાર ધારા કલમ ૪.૫ મુજબ | મકાન નંબર એ/૫૭ ભાવના ટેનામેન્ટ રાણીપ અમદાવાદ શહેર | ૦૯ | રોકડા નાંણા ૩૮,૪૦૦/- તથા અલગ અલગ કંપનીના મોબાઇલ ૧૧/-મળી કિમત રુપિયા ૩૨,૯૦૦/-તથા ત્રણ મો.સા તથા એક એકટીવા જે તમામ વાહનોની કિ.રુ ૮૨,૦૦૦/-મળી કુલ્લે કિ.રુ ૧,૫૩,૩૦૦/-ની મતાનો |

**શ્રાવણીયા જુગારના પાંચ કેસ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની પોલીસ .તા.૦૩/૦૯/૨૦૧૮**

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-ર સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવૃત્તિ કરતા ઇસમો સામે કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ જે અનુસંધાને પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.આર.ચૌધરી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કૉડના પો.સ.ઇ.શ્રી પી.કે.દવેરા તથા વ્હીકલ સ્કૉડના પો.સ.ઇ.શ્રી જે.બી.ચૌહાણ તથા કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ સાથે અલગ અલગ જગ્યાએ બાતમી હકીકતો આધારે રેડ કરી કુલ ૫૯,૯૫૦ રૂપિયા રોકડા તથા મોબાઇલ નંગ ૨૦ ની કિં.રૂપિયા ૯૨,૦૦૦ .કુલ્લે રૂપિયા ૧,૫૧,૯૫૦ નો મુદ્દામાલ તથા કુલ ૩૨ .આરોપી પકડી પાડી નીચે મુજબના જુગારધારાના કેસો શોધી કાઢી કૃષ્ણનગર પોલીસે પ્રશંનીય કામગીરી કરેલ છે.

| ક્રમ | ગુ.ર.નં | જુગારધારા કલમ | આરોપીનું નામ | મુદ્દામાલ |
|---|---|---|---|---|
| ૧ | સે.ગુ.ર.નં.૩૩૧૫/૧૮ | જુગાર ધારા ૪,૫ મુજબ | નીકુજભાઇ હર્ષદભાઇ ત્રીવેદી,ઉવ ૨૭,રહે મન ૧૫ શીવ એપાર્ટમેંટ.આશારામ આશ્રમની બાજુમા,ઠક્કરનગર,અવાદ + ૬ = ૭ | કુલ્લે રૂપિયા ૨૩૬૭૦/- |
| ૨ | સે.ગુ.ર.નં.૩૩૧૬/૧૮ | જુગાર ધારા ૪,૫ મુજબ | પીન્કુભાઇ જશુભાઇ શાહ ઉ.વ.૩૦ રહે.મ.નં ૨૭/૩૩૨ ગુ.હા.બોર્ડ કૃષ્ણનગર અવાદ +૪= ૫ | કુલ્લે રૂપિયા ૬૫,૯૦૦/- |
| ૩ | સે.ગુ.ર.નં.૩૩૧૭/૧૮ | જુગાર ધારા ૧૨ મુજબ | કલ્પેશભાઇ ઉર્ફે પપ્પુ સ/ઓ શ્રીરામ પાટીલ ઉ.વ.૨૩ રહે.મ.નં ૧૨ પાર્થ બંગ્લોઝ પા.ટા.શીપ કૃષ્ણનગર અવાદ +૭ =૮ | કુલ્લે રૂપિયા ૬૬૪૦/- |
| ૪ | સે.ગુ.ર.નં.૩૩૧૮/૧૮ | જુગાર ધારા ૪,૫ મુજબ | રસીકભાઇ વલ્લભભાઇ માંડલીયા ઉ.વ.૪૫ રહે.કંચનગંગા ફ્લેટ મ.નં બી/૧૦૧ ગોપાલચોક અવાદ +૩ =૪ | કુલ્લે રૂપિયા ૧૮,૫૫૦/- |
| ૫ | સે.ગુ.ર.નં.૩૩૧૯/૧૮ | જુગાર ધારા ૧૨ મુજબ | વલ્લભભાઇ મથુરભાઇ જાતે લાડુમોર (આહીર) ઉ.વ.૪૦ +૭ =૮ | કુલ્લે રૂપિયા૩૬,૦૪૦/- |

## ઇસનપુર પોલીસ સ્ટેશન

### દાણીલીમડા પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી જે ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્લકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એમ.પટેલ સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.એચ.રાઠોડ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા ૦૨/૦૯/૨૦૧૮ ના કલાક ૨૧/૦૦ વાગે શાહઆલમ શાલીમાર સિનેમા આવતા સાથેના અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ તથા અ.પો.કો સુરેશકુમાર જીવણભાઇ નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે આરોપી અનવરખાન અસદખાન પઠાણ ઉ.વ ૪૨ રહે, નવાબનગરના છાપરા ડો.હબીબના દવાખાના પાસે ચંડોળા તળાવ શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેરનાને એક હોન્ડા એક્ટીવા જેની આગળની નંબર પ્લેટ ઉપર આર.ટી.ઓ નં જી.જે -૨૭ પી-૭ ૬ નંબર લખેલ અને પાછળની નંબર પ્લેટ કાઢી નાખેલ જેની કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-ગણી શકાય તે એક્ટીવા સાથે પકડી પાડી દાણીલીમડા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૦૪/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુન્હો શોધી કાઢેલ છે તા ૦૨/૦૯/૨૦૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.